OCR
RECOGNISING ACHIEVEMENT

# Thursday 16 May 2013 – Morning

## AS GCE GUJARATI

**F883/01** Listening, Reading and Writing 1

**SPECIAL SHEET**

**Duration:** 2 hours 30 minutes

*F818870613*

**INSTRUCTIONS TO CANDIDATES**

- This Special Sheet is for use with Section B.

**INFORMATION FOR CANDIDATES**

- This document consists of **4** pages. Any blank pages are indicated.

**INSTRUCTION TO EXAMS OFFICER / INVIGILATOR**

- Do not send this insert for marking; it should be retained in the centre or recycled. Please contact OCR Copyright should you wish to re-use this document.

© OCR 2013 [H/500/8403]
DC (AC) 63694/4
OCR is an exempt Charity

## Section B: Reading and Writing

**સવાલ ૫: વાંચન**

### પ્રચાર માધ્યમો

**કેવલ:** મમ્મી ઘરમાં હોય ત્યારે ભારતીય રેડિયાના સૂર અમારા આખા ઘરમાં રેલાતા હોય. ગીતો ગાતી ગાતી તે ઘરનાં કામ આટોપતી જાય અને રેડિયામાં આવતી વાર્તાઓનો સાર મને સમજાવતી જાય. પપ્પા, મમ્મી અને હું કદી પણ સમાચાર સાંભળવાનું ચૂકીએ નહિ. રોજના શ્રવણને કારણે હું ગુજરાતી અને હિન્દી ભાષાઓ સારી રીતે બોલી અને સમજી શકું છું એટલે તેમાં આવતાં વિવિધ કાર્યક્રમો હું રસથી સાંભળું છું.

**દીપા:** મારા ઘરમાં અંગ્રેજી ટેલિવિઝનનું મહત્ત્વ વધારે છે એટલે મારી એ ભાષા વધુ સારી થઈ છે. પણ તેથી હું ભારતીય સંસ્કૃતિથી વંચિત રહું છું એવું જરા પણ  નથી. ભારતને લગતા કેટલાયે કાર્યક્રમો તેમાં રજૂ કરવામાં આવે છે. તેમાંથી મને ભારતના લોકો અને તેમનાં રીત-રિવાજ, ત્યાંનું રાજકારણ, ત્યાંના પ્રવાસ વગેરેની પૂરતી જાણકારી મળી રહે છે.

**સાઈદ:** મારા પિતાજી રોજ છાપાની લાંબી લાંબી વિગતો વાંચવામાં બે કલાક કાઢી નાખે પણ હું રોજ બે કલાકનો સમય ક્યાંથી કાઢું? મને તો ઇન્ટરનેટમાંથી માહિતી મેળવવાનું વધારે પસંદ છે. બાકી નિશાળનું કામ કરતાં કરતાં હું પણ ભારતીય રેડિયાના અનેકવિધ કાર્યક્રમો આનંદથી સાંભળું છું.

**સોના:** મને તો ભાઈ ભારતીય ટેલિવિઝન પર આવતી સીરિયલો જોવી ગમે! તેમાંથી હું આપણાં ધર્મ, રહેણીકરણી, ઈતિહાસ, વગેરે વિશે ઘણું શીખી છું. એ સિવાય મારે ઘેર આવતાં ગુજરાતી સામયિક વાંચીને મારું ગુજરાતી લેખનકાર્ય સારું થયું છે. નિશાળનું કામ કરતી વખતે રેડિયો કે ટેલિવઝન ચાલુ હોય તો મારું ધ્યાન કામમાં ચોંટતું નથી.

**ઝકિર:** હું ટેલિવિઝન પર રમતગમતની મુખ્ય વિગતો જોઉં ખરો પણ મને આખી રમત તો રેડિયા પર જ સાંભળવી ગમે. સમાચાર અને રોજની બાબતો માટે હું ઇન્ટરનેટ વાપરું. તેની માહિતી આખો વખત તાજી કરવામાં આવે છે.

**સવાલ ૬: વાંચન**

**ઇરફાનનું નસીબ કે તેની મહેનત?**

વીસ વર્ષના ઇરફાનનો જન્મ અમદાવાદમાં થયો હતો. તે તેના પિતા સલીમ, માતા આયશા તથા બે નાની બહેનો, રઝિયા અને સુલતાના સાથે બાપદાદાના જૂના મકાનમાં રહેતો. મકાનના રસોડામાં જ તેના પિતા પાંઉ અને બિસ્કિટ પકાવતા અને મકાનની આગળના ખંડમા તેનું વેચાણ કરતા. ઇરફાનની માતા પાંઉ અને બિસ્કિટના લોટ ગુંદતી અને સલીમ ઘેર ન હોય ત્યારે વેચાણ પણ કરતી. સલીમને મકાનની બાજુની ખાલી જગ્યામાં અલાયદી બેકરી અને દુકાન ચણાવવાની ખૂબ ઈચ્છા હતી પણ તેની કમાણીમાંથી ખાસ કંઈ બચતું નહિ તેથી આવો મોટો ખર્ચ તે કેવી રીતે કરે?

ઇરફાન ભણવામાં ઘણો હોશિયાર હતો અને યુનિવર્સિટિમાં ભણતો હતો. બેએક વર્ષમાં ભણવાનું પૂરું કરીને તેને કોઈ ઉચ્ચ હોદ્દાની નોકરી કરવી હતી. તેને સારું કમાઈને તેની બન્ને બહેનોને ભણાવવી હતી અને જૂના મકાનમાં સમારકામ કરાવીને આરામદાયક બનાવવું હતું. પણ એક દિવસ બજારમાં ગયેલા સલીમને જીવલેણ અકસ્માત નડ્યો. ઇરફાનની બધી ઈચ્છાઓ ધૂળમાં મળી ગઈ અને વીસ વર્ષના એ યુવાનની માથે ઘર અને કુટુંબની બધી જવાબદારી આવી પડી.

પણ ઇરફાને પોતે હિંમત રાખીને માતા અને બહેનોને સંભાળી લીધા. પોતે ભણવાનું છોડી દીધું અને સગાંસંબંધીઓ પાસે મદદ લઈને તેણે બહેનોનું ભણતર ચાલુ રખાવ્યું. સાંજે તે પાડોશના બાળકોને ટ્યૂશન આપવા લાગ્યો જેથી ઘરખર્ચ પૂરો પાડવામાં મદદ મળી.

બાળપણથી ઇરફાન તેનાં માતાપિતાને તેમના કામમાં મદદ કરતો તેથી તેને બેકરીના કામમાં ઘણી સૂઝ હતી જ. માતાને સમજાવીને મા-દીકરાએ બેકરીનું કામ ફરી શરૂ કરી દીધું. ઇરફાને ગ્રાહકો વધારવા પાંઉ અને બિસ્કિટ ઉપરાંત નાન, ખારી, કેક વગેરે પણ બનાવવાનું શરૂ કર્યું. વળી ગ્રાહકોની ઈચ્છા મુજબ તે આ બધી વસ્તુઓમાં સૂકો મેવો, ફળોનાં રસ, મસાલા વગેરે પણ ભેળવી આપતો અને જન્મદિવસની કેકને સુંદર ઘાટ આપી શણગારી આપતો તેથી આખા અમદાવાદમાં તેની નામના વધવા લાગી. વધારાના નફાથી ઇરફાન બેકરી માટે નવાં સાધનો વસાવતો ગયો અને તેણે માતાની મદદ માટે બે સ્ત્રીઓને પણ કામે રાખી લીધી.

થોડા સમય પછી, ઇરફાને ઘરની બાજુમાં એક આધુનિક બેકરી બંધાવી. બેકરીની આગળ કાચના કબાટોવાળી દુકાન બંધાવી અને તેનું નામ રાખ્યું 'સલીમની બેકરી'. હવે તેને ગુજરાતના બીજા શહેરોમાં બેકરીઓ ખોલવી છે.

© OCR 2013

